Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

# CIMS Cancer Care

Volume-7 | Issue-80 | Dec 25, 2025

Price : ₹5/-




CIMS Cancer Care

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

Volume-7 | Issue-80 | Dec 25, 2025

# ઓરલ સબમ્યૂકસ ફાઈબ્રોસિસ



**DR JAYESH V. PATEL**

MS
Consultant Cancer Surgeon
+91 98250 49874
jayesh.patel@marengoasia.com

- **વ્યાખ્યા :** આ કેન્સર થાય તે પહેલાની સ્થિતિ છે કે જે બીટલ નટ (સોપારી) ખાવાથી થાય છે જેના કારણે મોઢાના પોલાણની મ્યૂકસ મેમ્બ્રેનનું ફાઇબ્રોસિસ થાય છે, અને આખરે તેના કારણે મોઢાની પૂરી રીતે ખુલવાની ક્ષમતા ઘટી જાય છે.
- **આ સ્થિતિના બનાવો:** આ સ્થિતિના બનાવો દક્ષિણ પૂર્વ વિસ્તારમાં સૌથી મહત્તમ છે અને ગુજરાતમાં સૌરાષ્ટ્રના યુવા લોકોમાં આ સામાન્ય છે. ભારતમાં ૩ થી ૪% જેટલી વસ્તી ઓએસએફથી પીડિત છે.
- તમાકુ અને સોપારી ખાવાની ટેવ હોવાના કારણે, સ્ત્રી અને પુરુષ બંનેમાં આ રોગ થવાની સંભાવના લગભગ સમાન હોય છે. તે સીધુ સોપારીના વપરાશના જથ્થા સાથે સંબંધિત છે અને વસ્તીના નાના જૂથમાં વધુ જોવા મળે છે.
- **કારણ:** સોપારી, નટ, ગુટકા, વધુ પડતો મસાલેદાર ખોરાક, તાંબા વાળા પાણીનો વપરાશ.
- **લક્ષણ અને ચિહ્નો:-**
- મોંના ખુલવાની ક્ષમતામાં ધીમે ધીમે ઘટાડો થવો જેના કારણે પછીના તબક્કે જડબાઓની ગતિની મર્યાદા ધીરી થાય છે.
- બકલ મ્યુકોસામાં સફેદ ડાઘા / અલ્સરેશન (ચાંદા પડવા)
- મોંના મ્યુકોસાનું બ્લિચિંગ (સફેદ થઈ જવું).
- મેસ્ટિકેટરી મસલ એટ્રોફી (સ્નાયુની કૃશતા) અને ફાઇબ્રોસિસ.
- સામાન્ય ખોરાક લેતી વખતે મોંમાં ગંભીર જલન થવી.
- ગાલ સંકોચાઈ જવા.
- **નિદાન :-**
- મુખ્યત્વે ક્લિનિકલ પરીક્ષણ જ્યારે (હાથથી અથવા આંગળીઓથી તપાસતાં ગાલની અંદરની ચામડી જાડી લાગવી)
- બાયોપ્સી દ્વારા
- **જટિલતાઓ :-**
- દર્દીની દાત સ્વરછતા ખરાબ થતી જાય છે.
- દાત સંબંધિત સમસ્યાઓની સારવાર માટે મુશ્કેલી થાય છે.
- ૭થી ૩૦% દર્દીઓમાં આ રોગની કેન્સરમાં રૂપાંતર થવાની સંભાવના છે
- સબમ્યૂકસ ફાઈબ્રોસિસ ન હોય તેવા દર્દીઓની તુલનામાં જે છે અને તેમાં દર્દીની મૃત્યુ થવાની શક્યતા વધુ હોય છે.
- મોટાભાગના દર્દીઓ, ઓપરેશન પછી રેડિયોથેરાપીની જરૂર હોય છે.
- કેન્સરનું ઓપરેશન કર્યા પછી જો મોં ખોલવામાં સતત બંધન રહે છે, તો બીજા પ્રાથમિક ટ્યૂમરનું મૂલ્યાંકન કરવામાં મુશ્કેલી ઉભી થાય છે.
- કોઈ વખત તમાકુ અને સોપારી ખાવાને લીધે ફિલ્ડ કેન્સરાઇઝેશન થાય છે જેના કારણે મોંઢાના પોલાણમાં મલ્ટીસેંટ્રિક કેન્સર થાય છે અને તે આ રોગના પરિણામનું ખૂબજ નબળુ અનુમાન આપે છે.

**ઓરલ સબમ્યૂકસ ફાઇબ્રોસિસ માટેની સારવાર :**

**નોન સર્જિકલ :-**

આ સારવારો રોગના પ્રારંભિક તબક્કામાં ઉપયોગી છે અને રોગના લક્ષણોમાં રાહત આપે છે પરંતુ જે ફાઇબ્રોસિસ થઈ ગયું છે તેને ક્યારેય ઉલટાવી શકતું નથી.

- દર્દીને મોં ખોલવા માટેની કસરતો કરવા માટેની સલાહ આપવામાં આવે છે અને તે માટેના વિવિધ ઉપકરણો ઉપલબ્ધ છે.
- તમાકુ, સોપારી વગેરે ખાવાની આદત બંધ કરવી.
- ઉચ્ચ પોષણયુક્ત આહાર લેવો લેવાકે લીલા પાંદડાવાળા શાકભાજી, વગેરે.
- મલ્ટિવિટામિન / વિટામિન એ, વગેરે લેવા.

**સર્જિકલ (આક્રમક) સારવાર :-**

- ફાઇબ્રોટોમી
- સર્જરી / ઓપરેશન કરાવ્યા પછી લાંબા સમય સુધી, સતત મોં ખોલવાની કસરત કરવી
- કોરોનોઇડેટોમી અને ફ્લેપ દ્વારા રિકંસ્ટ્રક્શન

**નિષ્કર્ષ :-**

- તમાકુ, સોપારી, ગુટકા વગેરે ખાવાનું ટાળો, એકવાર મોંઢામાં ફાઇબ્રોસિસ વિકસિત થાય છે તે પછી જીવનની ગુણવત્તા સારી નથી રહેતી.

## Cancer Care Department

**MEDICAL ONCOLOGY :** Dr Bhavesh B Parekh | Dr Yesha Patel **RADIATION ONCOLOGY :** Dr Devang Bhavsar | Dr Maulik Bhensdadia | Dr Prapti Patel Desai **SURGICAL ONCOLOGY: Head & Neck Cancer:** Dr Darshan Bhansali | Dr Ashok Patel | Dr Jayesh V. Patel | Dr Urvish Shah | Dr Mohit P. Korat **General Oncology:** Dr Natwarbhai Patel (Dr Natoo Patel) **Breast Cancer:** Dr Ashok Patel | Dr Abhishek Jain | Dr Veer R. Shah | Dr Jayesh Patel | Dr Noopur Patel **Thoracic Cancer:** Dr Abhishek Jain | Dr Sarav Shah **GI & HPB Cancer:** Dr Manish Gandhi | Dr Nishant Sanghavi | Dr Nikunj Patel **Uro Onco:** Dr Keval Patel **Gynec Cancer:** Dr Nishant Sanghavi | Dr Nikunj Patel **BONE MARROW TRANSPLANT:** Dr Hemant Menghani | Dr Ankit Jitani **Micro Vascular Onco-Reconstructive Plastic Surgeon :** Dr Vatsal Kothari **Nuclear Medicine:** Dr Zeel Soni

CIMS Cancer Care

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

Volume-7 | Issue-80 | Dec 25, 2025


# કેન્સર- ડરે તે મરે, જાણે તે જીતે




**DR BHAVESH PAREKH**

MBBS, MD, DM - Oncology, MBA, HR
Head of Medical Oncology
+91 98250 34353
bhavesh.parekh@marengoasia.com


કેન્સર શું છે ?

■ **કેન્સર એક માત્ર રોગ નથી.**

કેન્સર ઘણા બધા પ્રકારના હોય છે. આ ફક્ત એક રોગ નથી. કેન્સર શરીરના વિવિધ ભાગોમાં શરુ થઇ શકે છે. કેન્સર અમુક અર્થમાં સમાન હોય છે, પરંતુ દરેક પ્રકારનું  કેન્સર, તેનો વિકાસ અને  શરીરમાં ફેલાવવામાં તે અલગ પ્રકારનું  હોઈ શકે છે.

કેન્સર એક એવો રોગ છે, જેમાં કોષો અનિશ્ચિત રીતે વધતા જાય છે અને ફેલાઈને સાધારણ કોષોને હટાવી દે છે . કેન્સરના કોષો શરીરના અન્ય અંગોમાં પણ પ્રસરી જતા હોય છે. દરેક કેન્સરની પ્રકૃતિ અલગ હોય છે.

અમુક કેન્સર ને ઓપેરશન કે રેડિએશન થેરાપી દ્વારા  સારવાર આપવામાં આવે છે. અન્ય કેન્સર ને દવાઓ  જેમકે કેમોથેરાપીથી સારી રીતે સારવાર આપવામાં આવે છે. સામાન્ય રીતે સૌથી સારું પરિણામ મેળવવા માટે ૨ કે તેથી વધુ પ્રકારે સારવારને ઉપયોગમાં લેવામાં આવે છે.

■ **કેન્સર નું નિદાન કેવી રીતે શક્ય છે ?**

કેન્સર નું નિદાન ગાંઠમાંથી સોયની મદદથી ટુકડો લઈને (બાયોપ્સી) કરવામાં આવે છે.

■ **તમારા કેન્સરનો કયો તબક્કો છે?**

દરેક કેન્સરમાં વિવિધ તપાસ (સી ટી સ્કેન, એમ. આર. આઈ., પેટ સ્કેન) ઉપલબ્ધ છે, જેનાથી કેન્સર કયા તબક્કામાં છે તે ડોક્ટરને ખ્યાલ આવે છે. જયારે કેન્સર પહેલા, બીજા અને ત્રીજા તબક્કામાં હોય છે ત્યારે તે મટી શકતું હોય છે.

■ **કેન્સરની સારવાર કેવી રીતે થાય છે ?**

સર્જેરી નો ઉપયોગ જયારે કેન્સર એક અંગ સુધી સીમિત હોય છે ત્યારે થાય છે જેમકે સ્તન કેન્સરમાં સ્તન દૂર કરવામાં આવે છે. પ્રોસ્ટેટના કેન્સરમાં પ્રોસ્ટેટને દૂર કરવામાં આવે છે.

**કેમોથેરાપીમાં દવાનો ઉપયોગ કેન્સર કોષોને મારવા માટે અથવા તેમની ગતિ ધીમી પાડવા માટે થાય છે. જે ઈન્જેક્શન અને ગોળીના રૂપમાં હોય છે.**

**રેડિએશન - સારવાર એક્સ-રે ના રૂપમાં લેવાની હોય છે, જે પણ કેન્સર કોષોને નાશ કરવામાં મદદ કરે છે.**

■ **આ મારી સાથે કેમ થયું? હું જ શા માટે ?**

કેન્સર તમારા ભૂતકાળના કર્મોની સજા નથી. તમારી જાતને દોષ દેવાના બદલે એની સારવાર ઉપર ધ્યાન આપો. આજના યુગમાં મોટાભાગના કેન્સર જો વહેલા સ્ટેજમાં પકડાય તો મટી જતા હોય છે.

■ **કેન્સર  વિષે માહિતી સ્ત્રીઓ માટે**

સ્ત્રીઓને સૌથી વધુ અસર કરતા કેન્સરના રોગો સ્તન, ગર્ભાશયના મુખ, અંડાશય , ફેફસા અને મોટા આંતરડાના હોય છે. આ રોગો વિષે જાણકારી મેળવીને અને તમે શું કરી શકો છો, તે જાણીને તમારી જિંદગી બચાવી શકાય છે, જેમકે સ્તન કેન્સરના વેહલા નિદાન માટે દર વર્ષે મેમોગ્રાફીની તપાસ ૪૦ વર્ષથી વધુ વયની સ્ત્રીઓ માટે જરૂરી છે. વીસ અને ત્રીસ વર્ષની ઉંમર દરમિયાન કેન્સરના ડૉક્ટર પાસે દર વર્ષે સ્તનની તપાસ કરવો. ગર્ભાશયના મુખના વહેલા નિદાન માટે પેપ -ટેસ્ટ નામનો ટેસ્ટ ૩૦ વર્ષની ઉંમરથી કરાવવો જરૂરી છે.

■ **કેન્સર વિષેની માહિતી પુરુષો માટે**

ભારતમાં પુરુષોને અસર કરતા કેન્સરના રોગો ફેફસા, મોઢાના, મોટું આંતરડું, અને પ્રોસ્ટેટનું કેન્સર હોય છે.

ફેફસાનું કેન્સર એ એક એવું કેન્સર છે જેને ઘણી વખત અગાઉથી રોકી શકાય છે. કારણકે તે સામાન્ય રીતે ધુમ્રપાનના લીધે થતું હોય છે. જો તમે ધુમ્રપાન કરો છો તો તેની આદત છોડવા માટે કેન્સરના ડોક્ટરની મદદ લો.

ફેફસાના કેન્સર ની પ્રાથમિક અવસ્થા નું નિદાન અઘરું છે. તેથી "પાણી પહેલા પાળ બાંધવી" એ જ ફેફસાના કેન્સરનો ઉપાય છે.

■ **વહેલી શોધ –**

કેન્સર ફેલાય તે પેહલા તેને શોધવું એ તમને તેના માટે કંઈક કરી શકવાનો શ્રેષ્ઠ મોકો આપે છે. કેન્સરના આ રોગો વિષે જાણકારી મેળવીને તેને કઈ રીતે રોકી શકાય અથવા તેનું વેહલું નિદાન કરી શકાય તે જાણીને તમારી જિંદગી બચાવી શકાય છે.

■ તમારા આરોગ્યને નિયંત્રણમાં રાખો અને કેન્સર સામેનું જોખમ ઘટાડો

* તમાકુથી દૂર રહો.

* તંદુરસ્ત વજન જાળવી રાખો.

* નિયમિતપણે શારીરિક પ્રવૃત્તિ થકી ગતિશીલ રહો.

* વિપુલ માત્રામાં ફળો અને લીલા શાકભાજી યુક્ત ખોરાક લો.

* મદીરાનું સેવન ટાળો.

*** તમારી જાતે તમારા કુટુંબના ઇતિહાસને અને તમને રહેતા જોખમોને જાણો.**

*** નિયમિતપણે ચકાસણી અને કેન્સરને લગતી તપાસ કરાવતા રહો.**

CIMS Cancer Care

Volume-7 | Issue-80 | Dec 25, 2025

# કેન્સર - આટલું તો જાણો જ



**DR ASHOK M. PATEL**

MS
Consultant Cancer Surgeon
+91 98250 20544
ashok.patel@marengoasia.com

- શું આપ જાણો છો કે કેન્સર નાના બાળકોથી કોઈપણ ઉંમરના વડીલને થઈ શકે છે.
- માનવ શરીરમાં જુદા જુદા ૨૦૦ પ્રકારના કેન્સર થાય છે.
- દરેક કેન્સર જીવલેણ હોતા નથી
- જો કેન્સરનું વહેલું નિદાન થાય અને સમયસર સાચી સારવાર થાય તો અમુક કેસોમાં સંપૂર્ણ મટી જાય છે અથવા લાંબુ આયુષ્ય જીવી શકાય છે.
- કેન્સરનો વ્યાપ વધવા માટે

(૧) વધતા વ્યસનો (તમાકું, સિગરેટ, બીડી, ગુટકા, સોપારી, દારૂ વગેરે)

(૨) આહારની બદલાતી ટેવો (વ્યાપક પ્રમાણમાં ફાસ્ટ ફૂડ, તળેલા પદાર્થો, કેમીકલ યુક્ત ભેળસેળ વાળો ખોરાક.

(૩) અમૂક કિસ્સામાં વારસાગત જનીન તત્વો

(૪) બહેનોમાં લગ્ન ન કરવા, મોટી ઉંમરે બાળક થવું, બાળકને સ્તનપાન ન કરાવવું, વગેરે પરિબળો જવાબદાર છે.



- કેન્સર એ કોઈપણ શારીરીક બિમારી (જેવી કે હૃદયરોગ, ડાયાબીટીશ, સ્ટ્રોક વગેરે..) જેવો જ રોગ છે તેનાથી ગભરાવવાની જરૂર નથી.
- જો આપ વ્યસન કરતા હોવ તો નિયમિત કેન્સર નિષ્ણાત પાસે શારીરીક તપાસ કરાવવી જોઈએ, અને તેમના માર્ગદર્શન પ્રમાણે વ્યસનનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ.
- વ્યસન બંધ કર્યું હોય તો પણ ચેક અપ જરૂરી છે કારણ કે કેન્સર વ્યસન છોડ્યા પછી પણ લાંબાગાળે થઈ શકે છે.
- વ્યસન છોડવા માટે દ્રઢ મનોબળ, કુંટુંબનો સહકાર અને દવાઓ (નિયમિત ડોકટરની સલાહ પ્રમાણે) જરૂરી છે
- કેન્સર એ કેન્સલ નથી માટે આજે જ સારવાર ચાલુ કરો અને સ્ફુર્તીલુ, નિરોગી , લાંબુ જીવન જીવો.





Volume-7 | Issue-80 | Dec 25, 2025



## મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં

# કેશલેસ સેવાઓ

### હવે ઉપલબ્ધ

**કેશલેસ ઈન્સ્યોરન્સ | થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) | પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)**

### ઈન્સ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઈન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઈન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થકેર
- અનમોલ મેડીકેર
- અચ્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થકેર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોક્સ હેલ્થ સર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થકેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીકલેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રેથશિલ્ડ હેલ્થકેર
- સેફવે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઈસ
- ગો ડિજીટ
- HDFC અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઈફ્કો ટોકિયો
- ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઈન્સ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- SBI જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- TATA એ.આઈ.જી.
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)

- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)
- **સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (ગાંધીનગર)
- કોલ ઈન્ડિયા લિમિટેડ
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ'સ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- **ECHS (એક્સ-સર્વિસમેન કોન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ)**
- ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ કેમિકલ્સ લિમિટેડ (GSFC)
- ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL
- ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)
- ઈન્સ્ટિટ્યુટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)
- ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)
- નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓક્યુપેશનલ હેલ્થ (NIOH)
- NHPC લિમિટેડ
- ઓઈલ ઈન્ડિયા લિમિટેડ
- ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે)
- ઓફિસ ડાયરેક્ટર જનરલ ઓફ ઓડિટ (Central) ગુજરાત (Audit Bhavan)
- ઓફિસ પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (Audit-I) એ.જી.એમ.
- ઓફિસ એકાઉન્ટન્ટ જનરલ (Audit-II) એ.જી.એમ.
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- **રાજસ્થાન સરકાર આરોગ્ય યોજના (RGHS)**
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)
- વેસ્ટર્ન રેલ્વે
- **આયુષ્માન ભારત-પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY) માત્ર કેન્સર અને ડાયાલિસિસની સારવાર માટે**

Terms & Conditions Apply*

**વધુ માહિતી માટે : +91-82380 95715 / +91-82380 95712**

**Marengo CIMS Hospital**
Off.Science City Road, Sola, Ahmedabad - 380060

For emergency or appointment,
**1800 309 9999**



## મૈરિંગો સિમ્સ હોસ્પિટલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ

# કેન્સર કેર

આ ઈન્સ્ટીટ્યૂટ નિષ્ણાત ઓન્કોલોજિસ્ટ્સ અને આધુનિક ટેક્નોલોજી સાથે અદ્યતન અને વ્યક્તિગત કેન્સરની સંભાળ પૂરી પાડે છે.

## અમારી વિશેષતાઓ

### સર્જિકલ ઓન્કોલોજી

સ્તન, મગજ અને ગળા, ફેફસાં, જી.આઈ., સ્ત્રીરોગ, યુરોલોજી અને હાડકાના કેન્સર માટે રોબોટિક અને મિનિમલી ઈન્વેસિવ સર્જરીઓ.

### મેડિકલ ઓન્કોલોજી

કીમોથેરાપી, ટાર્ગેટેડ ઇમ્યુનો, અને હોર્મોનલ થેરાપીઓ.

### ડાયગ્નોસ્ટિક્સ

PET-CT, MRI, CT, મેમોગ્રાફી, અને EUS.

### રેડિયેશન ઓન્કોલોજી

ચોક્કસ રેડિયેશન તકનીકો સાથે EBRT, VMAT, IMRT, SRS, SBRT, અને બ્રેકી થેરાપી.

### હેમેટોલોજી અને બીએમટી

ઑટોલોગસ, એલોજેનિક, અને CAR-T સેલ થેરાપી સહિતની સેલ્યુલર થેરાપીઓ.

### અન્ય સેવાઓ

જીનેટીક કાઉન્સિલીંગ, ડાયેટિશ્યન, ડેન્ટલ, ફિઝીયોથેરાપી, અને રિહેબિલિટેશન.

## અમારા નિષ્ણાત ડૉક્ટરોની ટીમ

• **મેડિકલ ઓન્કોલોજી:** ડૉ ભાવેશ પારેખ | ડૉ ચેશા પટેલ • **રેડિયેશન ઓન્કોલોજી:** ડૉ દેવાંગ ભાવસાર | ડૉ મૌલિક ભેંસદડિયા | ડૉ પ્રાપ્તિ પટેલ દેસાઈ
• **સર્જિકલ ઓન્કોલોજી: હેડ એન્ડ નેક કેન્સર:** ડૉ દર્શન ભણસાલી | ડૉ અશોક પટેલ | ડૉ જયેશ પટેલ | ડૉ ઉર્વીશ શાહ | ડૉ મોહિત કોસટ **જનરલ ઓન્કોલોજી:** ડૉ નટવરભાઈ પટેલ (ડૉ નટૂ પટેલ) **બ્રેસ્ટ કેન્સર:** ડૉ અભિષેક જૈન | ડૉ વીર આર. શાહ | ડૉ અશોક પટેલ | ડૉ જયેશ પટેલ | ડૉ નૂપુર પટેલ **થોરાસીક કેન્સર:** ડૉ અભિષેક જૈન | ડૉ સાત્વ શાહ **GI એન્ડ HPB કેન્સર:** ડૉ મનીષ ગાંધી | ડૉ નિશાંત સંઘવી | ડૉ નિકુંજ પટેલ **યુરો ઓન્કો:** ડૉ કેવલ પટેલ **ગાયનેક કેન્સર:** ડૉ નિશાંત સંઘવી | ડૉ નિકુંજ પટેલ • **બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ:** ડૉ કીમિલ પટેલ | ડૉ હેમંત મેંઘાણી | ડૉ અંકિત જિતાણી **માયક્રો વાસક્યુલર ઓન્કો-રીકન્સ્ટ્રક્ટીવ પ્લાસ્ટિક સર્જન:** ડૉ વત્સલ કોઠારી **ન્યુક્લિયર મેડિસિન:** ડૉ ઝીલ સોની

**Marengo CIMS Hospital**
Off. Science City Road, Sola, Ahmedabad - 380060.

JCI (USA)

**1800 309 9999**

**મૈરિંગો એશિયા નેટવર્ક હોસ્પિટલ્સ: ભારત:** અમદાવાદ | ફરીદાબાદ | ભુજ | ગુરુગ્રામ | વારાણસી | સુરત | વડોદરા **આંતરરાષ્ટ્રીય:** કિંગડમ ઓફ સાઉદી અરેબિયા

# મૈરિંગો સિમ્સ હૉસ્પિટલના નિષ્ણાત ડૉક્ટર દ્વારા ઓપીડી

## સુરત (સનસાઇન ગ્લોબલ હોસ્પિટલ, પીપલોદ)

**(દર મહિનાના પહેલા શનિવારે)**

- કન્સલટન્ટ થોરાસીક ઓન્કો સર્જન - **ડૉ સારવ શાહ**

**સમય : સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## સાણંદ (જે.કે. મલ્ટિસ્પેશ્યાલિટી હોસ્પિટલ)

**(દર મહિનાના પહેલા મંગળવારે)**

- કેન્સર ને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ વીર આર. શાહ**

**સમય : બપોરે 1:00 થી સાંજે 3:00 વાગ્યા સુધી**

## રાજકોટ (શ્રી ગિરીરાજ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા શનિવારે)**

- કન્સલટન્ટ થોરાસીક ઓન્કો સર્જન - **ડૉ સારવ શાહ**

**સમય : સવારે 11:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

## બાવળા (શિવમ હોસ્પિટલ)

**(દર મહિનાના ત્રીજા મંગળવારે)**

- કેન્સર ને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ વીર આર. શાહ**

**સમય : બપોરે 1:00 થી સાંજે 3:00 વાગ્યા સુધી**

## ભૂજ (કે.કે. પટેલ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા ગુરૂવારે)**

- કન્સલ્ટન્ટ બ્રેસ્ટ અને થોરેસિક ઓન્કો સર્જન - **ડૉ અભિષેક જૈન**

**સમય : સવારે 11:00 થી બપોરે 2:00 વાગ્યા સુધી**

**(દર મહિનાના ત્રીજા શુક્રવારે)**

- કેન્સર ને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ નીકુંજ પટેલ**

**સમય : સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**(દર મહિનાના ચોથા શનિવારે)**

- કન્સલટન્ટ થોરાસીક ઓન્કો સર્જન - **ડૉ સારવ શાહ**

**સમય : સવારે 11:00 થી બપોરે 2:00 વાગ્યા સુધી**

## કઢી (રીધમ હોસ્પિટલ)

**(દર શનિવારે)**

- કેન્સર ને લગતી સમસ્યાઓના વિશેષજ્ઞ - **ડૉ વીર આર. શાહ**

**સમય : સવારે 10:00 થી બપોરે 12:00 વાગ્યા સુધી**

## રતલામ (જી.ડી. હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા શુક્રવારે)**

- રક્તની બીમારી સંબંધિત સમસ્યાઓના નિષ્ણાત - **ડૉ અંકિત જિતાણી**

**સમય : સાંજે 3:00 થી 4:00 વાગ્યા સુધી**

## બાંસવાડા (ગયાૃક હોસ્પિટલ)

**(દર મહિનાના બીજા શનિવારે)**

- રક્તની બીમારી સંબંધિત સમસ્યાઓના નિષ્ણાત - **ડૉ અંકિત જિતાણી**

**સમય : સવારે 9:00 થી બપોરે 12:00 વાગ્યા સુધી**

## ઉદયપુર (ચૌધરી હોસ્પિટલ)

**(દર મહિનાના ત્રીજા શુક્રવારે)**

- કન્સલ્ટન્ટ બ્રેસ્ટ અને થોરેસિક ઓન્કો સર્જન - **ડૉ અભિષેક જૈન**

**સમય : સાંજે 5:00 થી 7:00 વાગ્યા સુધી**

## ભિલવાડા (સોની હોસ્પિટલ)

**(દર મહિનાના ત્રીજા શનિવારે)**

- કન્સલ્ટન્ટ બ્રેસ્ટ અને થોરેસિક ઓન્કો સર્જન - **ડૉ અભિષેક જૈન**

**સમય : સવારે 10:00 થી બપોરે 12:00 વાગ્યા સુધી**

## દિલ્લી (મૈરિંગો એશિયા હોસ્પિટલ્સ)

**(દર મહિનાના ચોથા મંગળવારે)**

- કન્સલ્ટન્ટ બ્રેસ્ટ અને થોરેસિક ઓન્કો સર્જન - **ડૉ અભિષેક જૈન**

**ફરીદાબાદ - સમય : સવારે 10:00 થી બપોરે 1:00 વાગ્યા સુધી**

**ગુરૂગ્રામ - સમય : સાંજે 3:00 થી 5:00 વાગ્યા સુધી**

**ઓપીડી વિશે વધુ જાણકારી અને અપોઈન્ટમેન્ટ માટે**

**82380 95712 | 82380 95715**

# CIMS Cancer Care

Marengo CIMS Hospital
HUMANE BY PRACTICE

Volume-7 | Issue-80 | Dec 25, 2025


**CIMS Cancer Care Registered under RNI No. GUJBIL/2017/75574**
**Published on 25th of every month**
**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 26th to 30th of every month under**
**Postal Registration No. AHD-C/100/2023-2025 issued by SSP Ahmedabad valid upto 31st December, 2025**
**Licence to Post without Prepayment No. PMG/NG/131/2024-2025 Valid upto 31st December, 2025**



**If Undelivered Please Return to**

**Marengo CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
**Call : 1800 309 9999**


**Subscribe "CIMS Cancer Care" :** Get your "CIMS Cancer Care", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : "CIMS Hospital Pvt. Ltd." Please provide your complete postal address with pincode, phone, mobile and email id along with your subscription




Printed and Published by **DEVANG C. BHAVSAR** on behalf of **CIMS HOSPITAL PRIVATE LIMITED** and Printed at Shakti Offset, A-62, Pushraj Industrial Estate, Nutan Mill Road, Behind - Adani CNG Station, Saraspur, Ahmedabad - 380 018 and published from CIMS HOSPITAL PRIVATE LIMITED, Near Shukan Mall, Off Science City Road, Sola, AHMEDABAD - 380060. Editor - **DEVANG C. BHAVSAR.**